

હું પોતે જ દ્રવ્યસ્વભાવે પરમાત્મા છું, મારામાં ને પરમાત્મામાં ફેર નથી. —એમ મનન કર, આ સિદ્ધાંતનો સાર છે. ચાર અનુયોગના લાખો કથનનો આ સાર છે. વીતરાગની બધી વાણીના શાસ્ત્રોનો, દિવ્યધ્વનિનો સાર તો આ છે કે પરમાત્મા સમાન આત્મા જાણવો. સર્વજ્ઞ ને વીતરાગસ્વરૂપ હું આત્મા છું એમ અંતર્દષ્ટિ કર તો તું પર્યાયમાં પરમાત્મા થયા વિના રહીશ નહિ, તું પરમાત્મા થયા વિના રહી શકીશ નહિ.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૦ □ (૫૫૪) ❋ આત્મધર્મ ❋ (અંક-૬ વર્ષ-૪૬) □ વીર સં. ૨૫૧૬ ડિસેમ્બર, ૧૯૮૯

# 卐 અદ્ભુત ચૈતન્યતત્ત્વ 卐

જિનેન્દ્રભગવાનની વાણીમાં અતિશયતા છે, તેમાં અનંત રહસ્ય હોય છે, તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે. આમ છતાં આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી. ચૈતન્યતત્ત્વ અદ્ભુત, અનુપમ ને અવર્ણનીય છે. તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે. ૩૬૭.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' પર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, ભાગ-૪ માંથી ]

'જિનેન્દ્રભગવાનની વાણીમાં અતિશયતા છે, તેમાં અનંત રહસ્ય હોય છે, તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે.'

ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ તે જિનેન્દ્ર છે. ગણધરદેવ, સકલવિરત શ્રમણ, દેશવિરત શ્રાવક, અરે! અવિરત સમ્યગ્દષ્ટિ પણ 'જિન' કહેવાય છે. અરિહંત તો બધા સાધક જિનોનાં ઇંદ્ર હોવાથી 'જિનવર' કહેવાય છે. બીજી રીતે અવિરત સમ્યગ્દષ્ટિ વગેરે 'જિન', ગણધર 'જિનવર' અને તીર્થંકર અરિહંત 'જિનવરવૃષભ' કહેવાય છે. શ્રી ઋષભાદિ મહાવીર પર્યન્ત ૨૪ જિનવરવૃષભ—જિનેન્દ્રદેવ થઈ ગયા તે હાલ અશરીરી સિદ્ધપદમાં છે. વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી વગેરે જિનેન્દ્રદેવ, જેઓ હાલ શરીર સહિત વર્તે છે તેઓ, 'અરિહંત' પદમાં છે. 'णमो सिद्धाणं'—સિદ્ધપરમાત્મા અશરીરી હોવાથી તેમને વાણીનો યોગ નથી, પરંતુ 'णमो अरिहंताणं'—અરિહંત પરમાત્મા—જિનેન્દ્રદેવ સશરીર હોવાથી તેમને વાણીનો યોગ છે. તેમની વાણી અતિશયયુક્ત, અનંત રહસ્યોથી ભરપૂર અને અસંખ્ય જીવોને કલ્યાણનો માર્ગ પમાડનારી હોય છે. વીતરાગ સર્વજ્ઞની વાણી 'દિવ્યધ્વનિ'-રૂપ હોય છે; બીજાં પ્રાણીઓ કરતાં જુદી જાતની, નિરક્ષરી 'ૐ' ધ્વનિરૂપ હોય છે. હોઠ હાલે નહિ, કંઠ ધ્રૂજે નહિ, વાકય-પદના ક્રમોચ્ચારણ રહિત, એવો શ્રી જિનેન્દ્રભગવાનનો દિવ્યધ્વનિ અનંત અતિશયતા, અદ્ભુતતા અને ચમત્કૃતિઓથી ભરપૂર હોય છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૭ ]

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૬
અંક-૬
[૫૫૪]

વીર
સંવત
૨૫૧૬
સં. ૨૦૪૬
DEC.
A.D. 1989




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

[ ગુરુકહાન-જન્મશતાબ્દીવર્ષના ઉપલક્ષમાં ]

# પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‍ગાર

[ ગતાંકથી ચાલુ ]

* આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ મારું કામ કરવું છે. સ્વભાવમાં હઠ કામ ન આવે. માર્ગ સહજ છે. હઠથી, ઉતાવળથી, અધીરજથી માર્ગ હાથ આવતો નથી. સહજ માર્ગને પહોંચવા માટે ધીરજ ને વિવેક જોઈએ. ઋષભદેવ ભગવાન જેવાને ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રદશા ન હતી અને ભરત ચક્રી જેવાને પણ ૭૭ લાખ પૂર્વ રાજ્ય-પદને ૬ લાખ પૂર્વ ચક્રી પદ હતા. એ જાણતા હતા કે અંદર સ્વરૂપમાં ડુબકીરૂપ એકાગ્રતાનો ચારિત્રનો પુરુષાર્થ નથી તેથી હઠ કરતા ન હતા. કેટલાકને એમ થાય કે સમ્યગ્દર્શન થયું પણ ચારિત્ર લ્યે નહિ તો શું કામનું? પણ ભાઈ! અંદર સ્વભાવમાં હઠ કામ ન આવે, સહજ પુરુષાર્થથી અંદર જવાય છે. આ વાત સમજવા જેવી છે. ૭૫.

* કોઈ જીવ વનકેલી કરવા જંગલમાં જાય ને વૈરાગ્ય થઈ જાય, કપડાં ઉતારી મુનિ થઈ જાય ને ધ્યાનમાં બેસે ને કેવળજ્ઞાન પામી જાય. આહાહા! અંદરમાં પોતે પ્રભુ શક્તિથી ભરેલો છે ને! ક્ષણમાં કેવળજ્ઞાન લેવાની એની તાકાત છે. કોઈને પાણીમાં ડુબાડે ને કેવળ લ્યે, કોઈને

ઘાણીમાં પીલે ને કેવળ લ્યે, કોઈને પર્વત ઉપર ઉછાળે ને કેવળ લ્યે. અંદર પ્રભુત્વ આદિ શક્તિના સ્વભાવમાં ઉપયોગ એકાગ્ર થયો તે બાહ્ય પ્રતિકૂળતાને દેખતો નથી. ૭૬.

* એક સમયની જ્ઞાનપર્યાય અનંતા દ્રવ્યોને જાણે, અંત રહિત અનંત ક્ષેત્રને જાણે, અંત રહિત અનંત કાળને જાણે, અંત રહિત અનંત અનંત ગુણોને જાણે એ પર્યાયની તાકાત કેટલી? એ પર્યાયનું સામર્થ્ય કેટલું? એની વિસ્મયતા લાગે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થાય જ. આહાહા! દ્રવ્યનો સ્વભાવ અલૌકિક, ક્ષેત્રનો સ્વભાવ અલૌકિક, કાળસ્વભાવ અલૌકિક, ભાવસ્વભાવ અલૌકિક. વસ્તુ આવા અલૌકિક સ્વભાવવાળી જ છે. વસ્તુનો સ્વભાવ વિસ્મયકારી છે. તે એક સમયની સર્વજ્ઞ પર્યાયમાં આવી જાય છે તે વિસ્મયતા છે. જાણ્યું એવું વાણીમાં આવ્યું એ વિસ્મયતા છે. આવી પોતાની પ્રભુતાનો સ્વીકાર થાય તેને અજ્ઞાન ને રાગ-દ્વેષ રહે તેમ બને જ નહિ. ૭૭.

* શ્રોતા:— ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી:— આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીક્કો લાગે, સંસારના રાગનો રસ ઉડી જાય. અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ. ૭૮.

* શ્રોતા:— આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી:— જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયકની લગની લાગવી જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં થઈ જાય. ૭૯.

* બિહારમાં એક લગ્ન મંડપમાં વર-વધુ લગ્ન-વિધિમાં મંત્ર જપતા હતા ને એકદમ વરને હાર્ટફેઈલ થતાં દેહ છૂટી ગયો. આહાહા! એ કુટુંબ ભેગું થયું હશે ને લગ્નનો કેટલો હરખ...હરખ...ચાલતો હશે! ને ક્ષણમાં વરનો દેહ છૂટતાં હાહાકાર થઈ ગયો! આહાહા! ક્ષણભંગુર દેહનો શો ભરોસો?

શ્રોતા:— હજારો વરરાજાના લગ્ન થાય છે તેમાં આવો પ્રસંગ તો કોઈકને જ બને ને?

પૂજ્ય ગુરુદેવશ્રી:— અરે! આવા મરણ પ્રસંગ અનંતવાર કર્યા છે. આવું મરણ બીજાને થયું છે તેમ ન સમજવું પણ આવા કુમરણો અનંતકાળમાં અનંતવાર પોતાને પણ થઈ ગયા છે એમ જાણીને ક્ષણભંગુર દેહનું શરણ છોડી પોતાનું શરણ લઈ મરણ આવ્યા પહેલાં પોતાનું હિત કરી લે. ભાઈ! આવા ટાણા ફરી ક્યારે મળશે? માટે તું તારું હિત કરી લે. ૮૦.

* સંતો શાસ્ત્રો ને સર્વજ્ઞો એમ કહે છે કે પહેલાંમાં પહેલો આત્માને જાણવો અનુભવવો એ વાત જ જેને રુચતી નથી ને બીજું કાંઈક કરવું ....કરવું એમ માને છે તે દેવ-શાસ્ત્ર-ગુરુનો અનાદર કરે છે. ૮૧.

* જેમ સ્વભાવ સત્ છે તેમ રાગ છે તે પણ ઉત્પાદપણે સત્ છે. રાગપરિણામ પોતાની પર્યાયમાં છે માટે આત્મા તેનો કર્તા છે. નિશ્ચયનયે આત્મા રાગપરિણામનો કર્તા છે, કેમ કે પોતાની પર્યાયમાં રાગ થાય છે. એ રાગનો કર્તા જડકર્મ નથી પણ આત્મા તેનો કર્તા છે. રાગ પોતાથી પોતાની પર્યાયમાં છે—એમ જાણીને સ્વદ્રવ્યના આશ્રયે તેને છોડવો. રાગનો કર્તા પોતે છે ને રાગનો છોડનારો પણ પોતે છે એમ જાણીને ત્રિકાળીના અવલંબને રાગને ટાળી શકાય છે. ૮૨.

* એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી ભિન્ન હોવાથી બહાર લોટે છે. શરીરને આત્મા અડતો નથી, વીંછીનો ડંખ શરીરને અડતો નથી ને વીંછી કરડે

ત્યાં રાડ નાખે! આહાહા! શરીર આત્માથી બહાર લોટે છે તે આત્માને શું કરી શકે! પગ છે તે જમીનને અડતો નથી ને તડકો હોય ત્યાં પગ ગરમ થઈ જાય! પાણીને અગ્નિ અડતી નથી ને અગ્નિ હોય ત્યાં પાણી ગરમ થાય! જીવને કર્મ અડતા નથી ને કર્મ હોય ત્યાં જીવને વિકાર થાય! આહાહા! એ દ્રવ્યનો પોતાનો ચમત્કારિક સ્વભાવ છે પણ ઉપાદાનને દેખતો નથી ને નિમિત્ત ઉપર દૃષ્ટિ પડી છે તેથી નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થવાનો ભ્રમ થઈ ગયો છે એક દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકતું નથી, બહાર જ લોટે છે, તે અન્ય દ્રવ્યનું કરે શું? એ સિદ્ધાંત અંદરમાં બેસે તો ભ્રમણા ભાંગી જાય ને દૃષ્ટિ સ્વસન્મુખ વળી જાય. ૮૩.

* શ્રોતાઃ— સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે કે મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ— સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે છે, પુરુષાર્થ કરે છે અને મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે એટલે કે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એટલે મુક્તિની પર્યાય આવવાની જ છે. ૮૪.

* શ્રોતાઃ— અરિહંતાદિ પ્રત્યેનો રાગલવ (અંશ) પણ અનર્થ પરંપરાનું મૂળ છે એ વાત જાણતાં આઘાત ન લાગે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ— અરે! અરિહંતાદિ પ્રત્યેનો રાગ છે તે પણ મને બંધનું કારણ છે એમ જાણતાં તો વીર્યની સ્ફૂરણા જાગે છે. વીર્યમાં ઉલ્લાસ આવે છે. આઘાત થતો નથી. ૮૫.

* હે જીવ! તું જ તારું તીર્થ છો ત્યાં આરૂઢ થા, બીજા તીર્થે ન જા!....ન જા! વ્યવહાર નિષેધ્ય છે ને! તેથી અહીં યોગીન્દ્રદેવ સ્પષ્ટ કરે છે કે સમ્મેદશિખર આદિ તીર્થો છે તે પરતીર્થ છે, ત્યાં ન જા! તેના લક્ષે તને શુભરાગ થશે. તું તારા પરમ તીર્થસ્વરૂપ આત્મામાં આરૂઢ થા. તેનાથી તને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થશે. બીજા ગુરુની સેવા ન કર. તેના લક્ષે રાગ થશે. તું તારા પરમાર્થગુરુની સેવા કર તેનાથી તને આનંદની પ્રાપ્તિ થશે. દેવની સેવા ન કર, બીજા દેવ, અરિહંત, સિદ્ધનું ધ્યાન ન કર. ભાઈ! તેના લક્ષે શુભ વિકલ્પ થશે ને પુણ્ય-બંધન થશે. તું તારા આત્મદેવનું ધ્યાન કર જેથી તને આનંદના નાથનો ભેટો

થશે તું તારા પરમ દેવ-ગુરુ ને તીર્થની સમીપ જા. આમ કહીને રાગના કારણભૂત વ્યવહાર દેવ-ગુરુ-તીર્થનું લક્ષ છોડાવી આનંદના કારણભૂત પરમાર્થ દેવ-ગુરુ-તીર્થનું લક્ષ કરાવ્યું છે. ૮૬.

* શ્રોતાઃ— અજ્ઞાની જિજ્ઞાસુજીવ સ્વભાવ ને વિભાવનું ભેદજ્ઞાન કરવા પ્રયત્ન કરે છે પણ સ્વભાવને જોયો નથી તો તેનાથી વિભાવને ભિન્ન કેવી રીતે કરી શકે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ— જો પહેલાં જિજ્ઞાસુજીવે સ્વભાવને જોયો હોય તો તેને ભેદજ્ઞાન કરાવાનું ક્યાં રહ્યું? જિજ્ઞાસુજીવે પહેલાં અનુમાનથી નક્કી કરવાનું છે કે આ પર તરફના વલણનો ભાવ છે તે વિભાવ છે અને અંદર વલણ કરવું તે સ્વભાવ છે. પર તરફના વલણના ભાવમાં આકુળતા ને દુઃખ છે અને અંતરવલણના ભાવમાં શાંતિ છે એમ સ્વભાવને પહેલાં અનુમાનથી નક્કી કરે છે. ૮૭.

* રામ-લક્ષ્મણ બળદેવ-વાસુદેવ છે, રાવણ પ્રતિવાસુદેવ છે તેને લક્ષ્મણ મારે છે ને પછી રાવણને બાળવા સાથે જાય છે. રાવણની સ્ત્રીને કહે છે કે માતા! અમે વાસુદેવ બળદેવ છીએ, શું થાય! બીજો કોઈ ઉપાય ન હતો, હોનહાર થયા વિના રહેતું નથી. માતા! અમને ક્ષમા કરજો. રાગ-દ્વેષની પ્રવૃત્તિ થઈ પણ તેનો અંદરમાં ખેદ છે. અરે! આ અમારા કામ નહિ, અમે તો અંદરમાં રમનારા રામ છીએ. ૮૮.

* શ્રોતાઃ— રાગમાંથી લક્ષ ફેરવી સ્વરૂપમાં લક્ષ કેવી રીતે જાય?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ— કોઈ વેદનાના કાળે બીજી કોઈ મોટી અનુકૂળતાનો પ્રસંગ આવતા રોગમાંથી લક્ષ ફેરવીને આનંદિત થઈ જાય છે ને! તેમ સ્વરૂપનો મહિમા લાવે તો,...અપૂર્વ મહિમા આવતાં રાગમાંથી લક્ષ છૂટી સ્વરૂપની રુચિ ને લક્ષ થાય છે. ૮૯.

* જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ થાપ ને! પર્યાય ઉપર શું કામ જોર દે છો? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને! જ્ઞાનાનંદ સાગરના તરંગો ઊછળે તેના

ઉપર જોર ન દે, તરંગોને ન જોતાં આનંદ સાગરના દળ ઉપર જોર દે ને! અનાદિથી ક્ષણિક પર્યાય ઉપર જોર દે છો તે છોડી દે ને ત્રિકાળી ધ્રુવ નિત્ય જ્ઞાયકદળ ઉપર જોર દે અને દૃષ્ટિને થાપ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટશે. ૯૦.

* સજ્જનનો મહિમા દુશ્મન પાસે કરાવવામાં આવે તો દુશ્મન સજ્જનનો મહિમા—વખાણ કરી કરીને કેટલા કરે? તેમ આત્માનો–ચૈતન્યનો જડરૂપ વાણી મહિમા કરી કરીને કેટલો કરે? ઝાડ ઉપર ને ડાળી ઉપર ચંદ્ર બતાવતાં ડાળી ઉપરથી પણ દૂર દૂર દૃષ્ટિ ચાલી જાય તો ચંદ્ર દેખે તેમ ન્યાય યુક્તિ આદિથી વસ્તુ બતાવતાં એનાથી પાર દૃષ્ટિ અંતરમાં (અભેદમાં) ચાલી જાય તો વસ્તુનો અપાર મહિમા અનુભવમાં આવે. ૯૧.

* આ તો સનાતન સ્યાદ્વાદ જૈનદર્શન છે. એને જેમ છે તેમ સમજવું જોઈએ. ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેની અપેક્ષાએ એક સમયની શુદ્ધ પર્યાયને પણ ભલે હેય કહે છે પણ બીજી બાજુ શુભરાગ આવે છે, હોય છે, એના નિમિત્તો દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો શુભરાગ હોય છે, ભગવાનની પ્રતિમા હોય છે, એને ન માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. ભલે તેનાથી ધર્મ નથી પણ તેને ઉથાપે તો મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગ હેય છે, દુઃખરૂપ છે પણ એ ભાવ હોય છે, તેના નિમિત્તો ભગવાનની પ્રતિમા આદિ હોય છે, તેનો નિષેધ કરે તો તે જૈનદર્શનને સમજ્યો નથી તેથી મિથ્યાદૃષ્ટિ છે. ૯૨.

* અહીં તો પહેલાં એ વિચાર કે એની સત્તા છે–હયાતી છે તે ત્રિકાળ રહેવાની છે, તો તે અહીંથી દેહ છૂટતાં બીજે તો જવાનો જ છે. કેમ કે દેહ તો રહેવાનો નથી જ, બીજે જશે જ, તો ક્યાં જશે? એનો નિર્ણય એને કરવો પડશે ને! જો આત્માને ઓળખીને ભાન કરશે તો આત્મામાં રહેશે પણ જો ભાન નહિ કરે તો દેહમાં દૃષ્ટિ પડી છે તેથી ચાર ગતિમાં રખડશે ને દુઃખોને ભોગવશે. એને પોતાની ઉપર દયા કરીને પોતાની ઓળખાણ કરી લેવાના આ ટાણા છે. ભાઈ! આવા ટાણા ફરી ક્યારે મળશે? ૯૩.

* નિગોદના જીવને એક શ્વાસમાં ૧૮ ભવ થાય. એક અંતર્મુહૂર્ત અંદર એટલે અડતાલીશ મિનિટ અંદર ૬૬૩૩૬ ભવ નિગોદના જીવ કરે છે—એમ ભગવાન સર્વજ્ઞે જોયું છે. આહાહા! એક અંતર્મુહૂર્ત અંદર ૬૬૩૩૬ ભવ કરે એ દુ:ખ કેટલું? એ સાંભળતાં એને અંદરથી ઘા લાગવો જોઈએ. એવા દુ:ખો તો અનંતકાળ ભોગવ્યા. અરે! નરકના દુ:ખો પણ એટલા છે કે કરોડો જીભો વડે કરોડો વર્ષે પણ કહી શકાય નહિ એટલા દુ:ખો તેં અનંતવાર ભોગવ્યા છે. ભાઈ! હવે મનુષ્યપણું મળ્યું છે તો એ દુ:ખોથી છૂટવા એવા દુ:ખોથી રહિત એટલે કે તેના કારણભૂત શુભાશુભ ભાવથી રહિત પરમાનંદસ્વરૂપ આત્મા છે તેની ઓળખાણ ને દૃષ્ટિ કર તો ભવના દુ:ખોથી છૂટકારો થાય. ૯૪.

* શ્રોતા:— આત્માના જુદા જુદા ગુણો ખ્યાલમાં આવે છે પણ અભેદ ખ્યાલમાં કેમ નથી આવતો?

પૂજ્ય ગુરુદેવશ્રી:—પોતે ખ્યાલમાં લેતો નથી એટલે ખ્યાલમાં આવતો નથી. અભેદને ખ્યાલમાં લેવો એ તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. નિર્વિકલ્પ થાય ત્યારે અભેદ આત્મા ખ્યાલમાં આવે છે.

શ્રોતા:— એ ખ્યાલમાં લેવો કઠણ પડે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી:— ધી...રે...ધી...રે પ્રયત્ન કરવો. મૂંઝાવા જેવું નથી. અનુભવમાં આવી શકે એવો છે માટે ધી....રે....ધી....રે પ્રયાસ કરવો, મૂંઝાવું નહિ, થઈ શકે એવું છે. આવા કાળે આવી ઊંચી વાત સાંભળવા મળી છે એ ઓછું છે! ૯૫.

* ભાઈ! તું સંસારના પ્રસંગોને યાદ કર્યા કરે છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો તેને યાદ કર ને! બાયડી છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગ વિલાસ મોજ મજા માણી હતી તેમ યાદ કરે છે, સ્મરણ કરે છો, પણ એ તો બધા તને દુ:ખના કારણો છે, સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડ્યો છે. ચાર ગતિઓનાં ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને

એવો જ ભર્યો પડ્યો છે તેને યાદ કર ને! તેનું સ્મરણ કર ને! એ એક જ તને સુખ–શાંતિનું કારણ થશે. ૯૬.

* શ્રોતાઃ— આપ પ્રતિજ્ઞા તો કાંઈ કરાવતા નથી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ— પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી, પરની ક્રિયા હું કરી શકતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું. સમ્યગ્દર્શન મારી વસ્તુ છે, પુણ્ય-પાપ મારા નથી. આમ પહેલાં મિથ્યાત્વ ટાળવાની પ્રતિજ્ઞા થાય છે. ભાઈ! એકવાર નિયમ તો લે, સોગંદ તો લે કે આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ મારે ખપતું નથી. ૯૭.

* શ્રોતાઃ— પ્રભુ! હું સંસારરોગથી પીડાતો દર્દી છું, એ રોગને મટાડનાર આપ ડોકટર પાસે આવ્યો છું.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ— કોઈ દર્દી જ નથી. હું દર્દી છું એવી માન્યતા છોડી દેવી. હું નિરોગી પરમાત્મસ્વરૂપ જ છું. ૯૮.

* હે પ્રભુ! મેં પરને પોતાનું માન્યું અને સ્વને ભૂલી ગયો એ મહા અપરાધની હે નાથ! ક્ષમા કરજે—એમ પોતાના આત્મા પાસે ક્ષમા માંગવાની છે. અરે! એને આત્માના હિત માટે ખટક હોવી જોઈએ કે મારું શું થશે? પૈસા માટે લોકો આફ્રિકા, અમેરિકા આદિ દૂર દૂર જાય છે ને કેટલી મેહનત કરે છે, તો પોતાના આત્મા માટે પણ ગમે તેમ કરીને કરવું જોવે ને! ૯૯.

* કોઈ પણ સમયે કોઈ પણ પ્રસંગે ભગવાનને ભૂલીશ નહીં. તારા ભગવાનને હો! એને સદાય તું દૃષ્ટિમાં રાખજે. તેમાં લીનતા તે જ મોક્ષનો માર્ગ છે. તેને સદાય તું ભૂલીશ નહીં. તારો ભગવાન શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપ છે તેને કોઈ પણ સમયે ભૂલીશ નહીં. ૧૦૦.

# શુદ્ધાત્માને ધ્યાવતાં સંસાર-વેલનો નાશ

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૨૧)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ચાલે છે. તેની ૩૦ મી ગાથા પૂરી થઈ. હવે ૩૧મી ગાથામાં યોગીન્દ્રદેવ શુદ્ધાત્માના જ્ઞાનાદિ લક્ષણોને વિશેષપણે કહે છે.

અન્વયાર્થ:—આત્મા મન રહિત છે, અતીન્દ્રિય છે. જ્ઞાનમય છે, મૂર્તિ રહિત છે, ચિન્માત્ર છે અને ઇન્દ્રિયોને ગોચર નથી—આ લક્ષણ (શુદ્ધાત્માનું) નિશ્ચિતપણે કહ્યું છે. ૩૧.

આ શુદ્ધાત્મા દેહમાં રહેતો હોવા છતાં દેહને અડયો નથી અને દેહ આત્માને અડ્યો નથી—સ્પર્શ્યો નથી. શુદ્ધાત્માનું આ લક્ષણ નિશ્ચિતપણે કહ્યું છે કે શુદ્ધ આત્મા મન રહિત, અતીન્દ્રિય જ્ઞાનમય છે, મૂર્તિ રહિત છે, ચિન્માત્ર છે અને ઇન્દ્રિયોને ગોચર નથી.

અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણો તો બીજાં દ્રવ્યોમાં પણ છે. અહીં તો જે બીજાં દ્રવ્યોમાં નથી એવા વિશેષ ગુણોને શુદ્ધાત્માના લક્ષણ તરીકે બતાવ્યાં છે. જેમ આત્મા દેહના સ્પર્શ રહિત છે તેમ આત્મા મનના સ્પર્શથી પણ રહિત છે એટલે સંકલ્પ-વિકલ્પરૂપ વિકારને પણ ખરેખર આત્મા સ્પર્શતો નથી. દ્રવ્યમન તો અજીવ છે જ પણ તેના નિમિત્તે જે વિકાર થાય છે તે ભાવમન છે તે પણ ચૈતન્યસ્વભાવથી રહિત છે.

શુદ્ધાત્મા અતીન્દ્રિય છે. ક્યારે? અત્યારે જ આત્મા અતીન્દ્રિય છે. સમ્યગ્દર્શનમાં બીજાં પદાર્થોથી ભિન્ન, વિશેષ લક્ષણમય આત્મદ્રવ્ય અનુભવમાં આવે છે તે આત્મા છે અને તેની યથાર્થ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

પરમાત્માથી ભિન્ન એવા સંકલ્પ-વિકલ્પરૂપ મનથી શુદ્ધાત્મા ભિન્ન છે. આ સર્વજ્ઞ-ભગવાને કહેલું વસ્તુનું સ્વરૂપ છે તેની ખબર વિના અનુભવ થાય તેમ નથી. આત્મવસ્તુ જ એવી છે કે પોતાના સ્વરૂપથી ભિન્ન એવી ઇન્દ્રિયો અને મનથી તે રહિત છે. અધ્યાત્મશૈલીમાં આવી કથનપદ્ધતિ છે કે 'ભગવાન આત્મા' ઇન્દ્રિયોથી રહિત છે અને તે ઇન્દ્રિયો ભગવાન આત્માથી રહિત છે. (આમ પરસ્પર એકબીજાની ભિન્નતા બતાવે છે.) જેમ ડબીમાં કાટ લાગેલો છે તેમાં મણિરત્ન પડયું છે પણ તે મણિરત્ન કાટથી રહિત છે અને કાટ મણિરત્નથી ભિન્ન છે. પરસ્પર એકબીજાની ભિન્નતા છે—એમ કહેવાનો હેતુ છે.

સર્વ પરદ્રવ્ય અને પરભાવથી ભિન્ન આત્માની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તેની આ વાત છે. આ તો હજુ ચોથા ગુણસ્થાનની વાત છે. પાંચમું-છઠ્ઠું તો ક્યાંય દૂર રહી ગયાં. ચોથા ગુણસ્થાનમાં આવી દૃઢ પ્રતીતિ હોય છે. વાડામાં માનીને બેઠા છે એવું વસ્તુનું સ્વરૂપ નથી.

અહીં વેદાંતની જેમ નથી કે એક આત્મા જ છે બીજું કાંઈ નથી. ઇન્દ્રિયો પણ છે અને આત્મા પણ છે. બંનેનું અસ્તિત્વ છે પણ તે બંને એકબીજાથી ભિન્ન છે. જ્ઞાનસૂર્ય નિજ ચૈતન્યપ્રભુ ઇન્દ્રિય અને મનથી ભિન્ન છે. આટલી વાત કહીને હવે બીજા દ્રવ્યોમાં નથી એવા વિશેષ લક્ષણ વડે આત્માનું સ્વરૂપ વર્ણવે છે.

'આત્મા જ્ઞાનમય છે.' ભગવાન આત્મામાં ઇન્દ્રિયો અને મન નથી તો આત્મામાં છે શું? તો કહે છે કે આત્મા જ્ઞાનમય છે. જુઓ, આત્મા જ્ઞાનવાળો છે એમ ન કહ્યું પણ જ્ઞાનમય છે એમ કહ્યું છે. જ્ઞાનમાં તદ્રૂપ છે. જ્ઞાનમાં એકાકાર છે. જગતની અનંત ચીજોથી આત્મા રહિત છે પણ લોકાલોકની અનંત ચીજોને એક જ સમયમાં એકસાથે જાણવાની તાકાતવાળો છે. આત્મા અનંત ચીજોને પોતામાં રાખતો નથી પણ અનંત ચીજોને જાણવાની તાકાત રાખે છે. પરને સ્પર્શ્યા વગર પરને જાણી લેવાની આત્મામાં તાકાત છે.

આત્મા એટલે?—આત્મા એટલે ચૈતન્યસૂર્ય ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણનાર ચૈતન્યસૂર્ય છે. આત્મા જ્ઞાનમય અને અરૂપી છે. ધર્મ, અધર્મ આદિ અરૂપી છે પણ જડ છે, જ્ઞાનથી શૂન્ય છે જ્યારે આત્મા જ્ઞાનમય અરૂપી તત્ત્વ છે.

ભગવાન આત્મા અન્ય દ્રવ્યોમાં નહિ એવી શુદ્ધ ચેતનાસ્વરૂપ છે. અન્ય દ્રવ્ય, મન, વાણી, દેહમાં જે નથી એવા દર્શનજ્ઞાનમય શુદ્ધચેતનાસ્વરૂપ આત્મા છે. જુઓ, પહેલાં 'જ્ઞાનમય' વિશેષણ કહ્યું અને પછી 'ચિન્માત્ર' વિશેષણ કહ્યું તે એમાં શું ફેર છે એ ખ્યાલમાં આવે છે? બહારમાં તો બધો સૂક્ષ્મમાં સૂક્ષ્મ તફાવત હોય એ પણ ખ્યાલમાં આવી જાય છે તો આમાં કેમ ખ્યાલ ન આવે! રુચિ હોય તેમાં બધો ખ્યાલ આવી જાય. જ્ઞાનમય કહેતાં લોકાલોકને જાણવાની શક્તિની વાત છે અને ચિન્માત્ર કહેતાં સામાન્ય-વિશેષરૂપ દર્શન-જ્ઞાનમય ચેતનાની વાત છે.

શુદ્ધાત્મા ઇન્દ્રિયોથી અગોચર છે. પેલા કહ્યું હતું કે આત્મા ઇન્દ્રિયોથી રહિત છે તો જેનાથી આત્મા રહિત છે તેને ગોચર ક્યાંથી હોય? પોતાથી ભિન્ન એવી ઇન્દ્રિયોથી આત્મા અગોચર છે—જણાય તેવો નથી. આત્મા તો પોતાથી અભિન્ન એવા જ્ઞાન વડે ગોચર છે. જ્ઞાનમાં આત્મા જણાય તેવો છે. જ્ઞાનમય ચેતના વડે આત્મા જણાય એવો છે.

આ તો સર્વજ્ઞ પરમાત્મા, ત્રિલોકીનાથ તીર્થંકર વીતરાગદેવના જ્ઞાનમાં જે આવ્યું

અને દિવ્યધ્વનિમાં તેનું ફરમાન આવ્યું કે ભાઈ! તને અમે જેમ કહીએ છીએ તેનાથી બીજી રીતે તું માને છો તો એ તારી માન્યતામાં મોટો ફેર છે. અમે જેવું કહીએ છીએ તેવું તારું સ્વરૂપ છે. અમે અમારાં સર્વજ્ઞજ્ઞાનમાં જોયું છે કે તું ઇન્દ્રિયો અને મનથી રહિત જ્ઞાનમય મૂર્તિ છો—સંકલ્પ-વિકલ્પથી રહિત દર્શન-જ્ઞાનમય છો. છતાં તું એમ માને કે મન સંકલ્પ-વિકલ્પથી આત્મા જણાશે, ઇન્દ્રિયોથી આત્મા અનુભવમાં આવશે એ તારી ઊંધી માન્યતા છે. ઇન્દ્રિયો અને મન વડે ગમ્ય થાય એવો આત્માનો સ્વભાવ નથી અને ઇન્દ્રિયો અને મનમાં આત્માને જાણવાની તાકાત પણ નથી.

જે ભગવાન આત્માથી ભિન્ન છે એવા સંકલ્પ, વિકલ્પ અને ઇન્દ્રિયો વડે આત્મા ગમ્ય કેવી રીતે થાય? જેનાથી તે રહિત છે એવી ઇન્દ્રિયો અને મનમાં શક્તિ જ નથી કે તે આત્માને જાણે. છતાં તું એમ માને છો કે ઇન્દ્રિયો અને મનથી આત્મા જણાશે તો તે તારાં સ્વભાવને જાણ્યો જ નથી—માન્યો જ નથી.

એ રીતે વસ્તુનું સ્વરૂપ બતાવવાનો હેતુ છે કે તારો સ્વભાવ એવો નથી કે તું ઇન્દ્રિયો અને મન વડે જણાય અને ઇન્દ્રિય અને મનમાં તાકાત નથી કે તે તને જાણે. બંનેના સ્વભાવ બતાવીને સિદ્ધાંતને દૃઢ કરે છે.

ભગવાન આત્મા વીતરાગ શુદ્ધસ્વરૂપી છે માટે તે વીતરાગ સ્વસંવેદનની પર્યાય દ્વારા જ ગ્રહણ થાય છે. વસ્તુ પોતાની આંશિક શુદ્ધ પરિણતિ વડે જ ગમ્ય થાય છે. વિકાર છે તે આત્માનો અંશ નથી માટે તેના વડે આત્મા ગમ્ય નથી.

આ તો સાદા, સીધા, સત્ + જન = સજ્જન એવા આત્માની સાદી-સીધી વાત છે. આ તારાં ઘરની વાત છે અને તને હરખ કેમ ન આવે પ્રભુ! તને અંતરથી પ્રમોદ આવશે ત્યારે જ આત્મા ગમ્ય થશે.

એક ભાઈ કહેતાં હતાં કે અમે પહેલાં 'સમકિત'ને બહુ ગોતતા હતાં કે સમકિત કહેવું કોને? સમકિત ક્યાં હશે?—ભગવાન! સમકિત એટલે તારાં શ્રદ્ધા જ્ઞાનસ્વભાવી આત્મા તરફ તારી પરિણતિ જાય તેમાં ભગવાન આત્મા ગમ્ય થાય—અનુભવમાં આવે તેનું નામ સમકિત છે. જેવો સ્વભાવ છે તેવી પરિણતિ પ્રગટ થાય તેનું નામ સમકિત છે. મંદિર બંધાવવા કે વ્રતાદિ કરવાનો ભાવ તે તો શુભભાવ છે. તે ભાવથી તો આત્મા રહિત છે, તો જે જેનાથી રહિત છે તેના વડે આત્મા ગમ્ય ક્યાંથી થાય?

વીતરાગ સ્વરૂપ ભગવાનથી વિકલ્પ ભિન્ન છે અને વિકલ્પથી ભગવાન ભિન્ન છે તો મંદિર અને મૂર્તિ તો ક્યાંય ભિન્ન રહી ગયાં. સમ્મેદશિખર તો ક્યાંય ભિન્ન રહી ગયા. સમ્મેદશિખર જવાનો હેતુ તો શું છે કે ત્યાં જે ક્ષેત્રે પરમાત્મા સિદ્ધ થયા તેની સમશ્રેણીએ ઉપર ભગવાન બિરાજે છે એમ દૃષ્ટિને લબાવીને સિદ્ધ જેવા પોતાના આત્માનું ધ્યાન

કરવાનો છે. અનંત સિદ્ધો અહીંથી થયા તે મારાં મસ્તક ઉપર બિરાજે છે એમ કરીને ભગવાનનું સ્મરણ કરવાનો હેતુ છે. બીજો કોઈ હેતુ નથી.

ભગવાન આત્માની મહિમા શું કહેવી! ઊંધો પડયો હોય તો સાક્ષાત્ તીર્થંકરના સમવસરણમાં ગયો હોય તોપણ મિથ્યાત્વથી ડગ્યો ડગે નહિ અને સવળો પડે તો ઉપસર્ગમાં અગ્નિ વચ્ચે પણ ડગ્યો ડગતો નથી. અંતરમાં શાંતરસના શેરડા પડે છે. હું કયાં અગ્નિમાં છું? હું તો અગ્નિને અડતો પણ નથી. હું તો આનંદકંદનો અનુભવ કરનારો છું. આવો ભગવાન આત્મા ખ્યાલમાં કેવી રીતે આવે? કે પોતાની જાતવાળી દશા દ્વારા પોતાનો અનુભવ થાય છે, શુદ્ધ પરિણતિ દ્વારા શુદ્ધસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. જાતથી વિરૂદ્ધ દશા દ્વારા આત્માનો અનુભવ થતો નથી.

વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું ન માનતાં બીજી રીતે માનવું તે તો મિથ્યાભ્રમ અને મિથ્યાશલ્ય છે. આ તો પરમાત્માનો પ્રકાશ કરનારું પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. જે જાતનું મણિરત્ન હોય એવી જાતના જ તેના કિરણો હોય ને! તેમ વીતરાગ સ્વરૂપ, અકષાય પરમાનંદમૂર્તિ પ્રભુનું લક્ષ કરતાં શાંતરસરૂપ કિરણો પ્રગટ થાય છે તેના દ્વારા જ આત્મા ગ્રહણ થાય છે.

ત્રિલોકીનાથ ભગવાનને અસંખ્યપ્રદેશમાં અનંત ચૈતન્યસૂર્ય પ્રગટ થઈ ગયો છે એવા ભગવાનની વાણીમાં આવેલી આ વાત છે કે ભગવાન આત્મા મન અને ઇન્દ્રિયોથી રહિત અતીન્દ્રિય જ્ઞાનમય છે. ચૈતન્યપ્રભુની જાતની ભાત જ કોઈ જુદી છે. આવું સ્વરૂપ પહેલાં શ્રદ્ધા-જ્ઞાનમાં લ્યે, ત્યારે સ્વરૂપનો અનુભવ થાય છે. શ્રદ્ધા-જ્ઞાન વગર અનુભવ ત્રણકાળમાં કદી હોઈ ન શકે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જાણ્યા વગર બીજી રીતે માને તો વસ્તુ ગ્રહણ થતી જ નથી. વસ્તુની દૃષ્ટિ થતી જ નથી.

ભગવાન આત્મા ઇન્દ્રિય અને વિકલ્પથી રહિત અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે તેથી જ્ઞાનમય શાંતિ દ્વારા જ આત્મા ગ્રહણ થાય છે એમ તું નિઃસંદેહ જાણ. એમાં શંકા ન કર. શુભરાગથી આત્મા ગ્રહણ થાય એમ કદી ન માનીશ. જે શુભરાગ વસ્તુથી ભિન્ન છે તેનાથી વસ્તુ ગ્રહણ થતી નથી અને સ્વસંવેદનમાં તે શુભવિકલ્પો મદદ પણ કરી શકતાં નથી.

પ્રભુ! આત્મામાં તો પ્રસન્નતા ભરી છે ત્યાં શોક નથી ભર્યો. પ્રસન્ન શાંતરસનો પિંડ પ્રભુ, શાંતરસની પ્રસન્નતાથી જાણવામાં આવે છે. બહારની પ્રસન્નતાથી આત્મા અનુભવમાં આવતો નથી. અભિન્ન વસ્તુ, પોતાથી અભિન્ન નિર્મળ પરિણતિ દ્વારા અનુભવમાં આવવા યોગ્ય છે.

આવો ભગવાન આત્મા જ ઉપાદેય છે, આરાધવા યોગ્ય છે અને સેવવા યોગ્ય છે.

હવે ૩૨મી ગાથામાં મુનિરાજ કહે છે કે જે જીવ સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત મનવાળો થયો થકો શુદ્ધ આત્માને ધ્યાવે છે તેની સંસારરૂપી મોટી વેલ નાશ પામે છે.

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગરૂપ ક્ષણિક પર્યાય તે સંસાર છે. તે સંસારથી ભગવાન આત્મા રહિત છે. ક્યારે?—ત્રણેકાળ આત્મા સંસારથી રહિત છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગની વર્તમાન વિકૃત અવસ્થા એક સમયની છે તે જ સંસાર છે એટલે ઉદયભાવ એ જ સંસાર છે. તેનાથી આત્મા રહિત છે તેમ શરીર અને ભોગથી પણ આત્મા રહિત છે. સંસાર, શરીર અને ભોગ નથી એમ નથી. એ તો એક સમયની પર્યાયમાં છે પણ ભગવાન આત્મા તેનાથી રહિત છે.

'संसरणम् इति संसारः' શુદ્ધ ચિદાનંદ સ્વરૂપથી હટીને પર્યાયમાં ભ્રાંતિ થવી તે સંસાર છે. બાયડી–છોકરાં તે સંસાર નથી. મકાન, પૈસા આદિ સંસાર નથી. સંસારનું આયુષ્ય જ એક સમયનું છે અને ભગવાન આત્માનું આયુષ્ય ત્રિકાળી છે. એક સમયની સંસારની સ્થિતિથી આત્માની ત્રિકાળી સ્થિતિ ભિન્ન છે. પણ એનો અર્થ એવો નથી કે જીવની પર્યાયમાં પણ સંસાર નથી. પર્યાયમાં તો અશુદ્ધતા છે. એ જ સંસાર છે. સંસાર જ નથી એમ નથી. અખંડાનંદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપથી હટીને ભ્રમ અને રાગ–દ્વેષની પર્યાયમાં આવવું તે જ સંસાર છે. જે સ્વભાવમાં નથી એવું પર્યાયમાં લાવ્યો તે સંસાર છે. ભ્રમ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ સ્વરૂપમાં નથી અને પર્યાયમાં ઊભા થયાં છે તે સંસાર છે.

અકષાય, અબંધસ્વરૂપ શીતળ ચૈતન્યશિલામાં સંસારરૂપ આસ્રવ અને બંધનો અભાવ છે. શરીર અને ભોગનો પણ અભાવ છે. ભોગનો અભાવ એટલે પરને તો આત્મા ભોગવી શકતો જ નથી પણ ભોગવવાના ભાવરૂપ શુભાશુભભાવથી પણ આત્મા રહિત છે. સર્વજ્ઞ ત્રિલોકીનાથ પરમાત્માએ આવો આત્મા જોયો છે, અનુભવ્યો છે અને કહે છે તેવો આ આત્મા છે; એવો આત્મા જેની દૃષ્ટિમાં આવે તેને વાસ્તવિક આત્માની દૃષ્ટિ થઈ કહેવાય.

સંસાર છોડી દેવો એટલે સ્ત્રી, પુત્ર, પરિવાર, મકાન. પૈસા આદિ છોડી દેવાં એમ નથી. એ તો બધું આત્માથી ભિન્ન જ છે તે ક્યાં તારી વસ્તુમાં ઘૂસી ગયા છે કે તું તેને છોડ? એ તો છૂટાં જ છે. તેના પ્રત્યેનું મમત્વ છે તે સંસાર છે માટે મમત્વ તોડવાનું છે. (ઘડિયાળમાં ડંકા પડયા) અહીં તો ડંકા જ વાગી રહ્યાં છે. ડંકાની ચોટ ઉપર ભગવાન કહે છે આવું તારું સ્વરૂપ છે તેનું એકાગ્રચિંતન કર. એ જ તારું કર્તવ્ય છે.

—※—

[ ક્રમશઃ ]

# શુદ્ધ ચૈતન્યથી ભિન્ન બધાય ભાવો પરદ્રવ્ય

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫માં શ્લોક દ્વારા) કહ્યું છે કે:—

શ્લોકાર્થ:—જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે—'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે."

"મોક્ષાર્થી જીવોએ એકરૂપ શુદ્ધસ્વભાવનું સદાય સેવન કરવું."

જે જીવોના જ્ઞાનનો અભિપ્રાય ઉજ્જવળ છે, ઉદાર છે, તેવા જીવોએ શું કરવું? તેવા મોક્ષાર્થી જીવો આ સિદ્ધાંતનું સેવન કરો કે હું તો શુદ્ધ જ્ઞાનમય છું ને તેમ માનનાર ઉદાર છે. જે જીવ નિમિત્તથી, વ્યવહારથી, પુણ્યથી ધર્મ માને છે તેનો અભિપ્રાય ઉદાર નથી તેથી વ્યવહારથી ધર્મ ન માનો પણ હું ત્રિકાળ એકરૂપ શુદ્ધ આત્મા છું, કારણ પરમાત્મા છું, મારા આધારે ધર્મદશા પ્રગટી, મોક્ષ થાય છે—આ એક જ સિદ્ધાંત અંગીકાર કરવા જેવો છે. જેવી રીતે અગ્નિ ખરાબ વસ્તુને બાળી મૂકે છે, તેમ પરમ-જ્યોતિરૂપ જ્ઞાન-અગ્નિ હીણી અવસ્થાને તથા વિકારને બાળી મૂકવા સમર્થ છે. સંસારી ને સિદ્ધ બધા ભેદ વ્યવહારનયના વિષયમાં જાય છે. શુદ્ધ નિશ્ચયનયથી મારામાં ને સિદ્ધમાં કાંઈ ભેદ નથી, હું તો જ્ઞાયકસ્વભાવી છું, આવી વાણી જ્ઞાનીના મુખેથી નીકળે તે વાણી સમ્યગ્દર્શનમાં નિમિત્ત થાય છે ને જે પોતામાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને જ્ઞાની તથા વાણી નિમિત્ત થયા કહેવાય છે.

"પર્યાયમાં થતાં શુદ્ધ-અશુદ્ધ ભાવો અનેકતા ઉત્પન્ન કરે છે માટે તે પરદ્રવ્ય છે તેથી તેનું લક્ષ છોડો."

જે જુદા જુદા લક્ષણવાળા દયા, દાન, હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ થાય છે તે હું નથી તેમજ નવી નિર્મળ પર્યાય પ્રગટ થાય તે પણ હું નથી, કારણ કે તે બધા પરદ્રવ્ય છે, નિર્મળતારૂપી કાર્ય પર્યાયમાં થાય છે પણ પર્યાય વડે પર્યાય પ્રગટતી નથી માટે પર્યાયને પરદ્રવ્ય કહેલ છે. જ્યારે પર્યાય સ્વદ્રવ્ય તરફ વળે છે ત્યારે ધર્મદશા પ્રગટે છે. તેથી ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહેલ છે. એટલે અહીં બતાવ્યું કે જેને દાની

થવું હોય એટલે પોતાની નિર્મળ પર્યાયનું દાન પોતાને આપવું હોય તેણે એવા અભિપ્રાયને સેવવો કે એક સમયનો વિકાર જાણવા જેવો છે પણ આદરવા જેવો નથી. વ્યવહાર રત્નત્રયના પુણ્ય પરિણામ પણ ઉદાર નથી ને એક સમયની પર્યાય પણ ઉદાર નથી. ત્રિકાળી સ્વભાવ એક જ ઉદાર છે તે આદરણીય છે. પર્યાયો એક પછી એક પ્રગટે, તેના લક્ષે અનેકતા થાય છે, તેથી તે બધા પરદ્રવ્યો છે માટે અનેકનું લક્ષ છોડી એકરૂપ દ્રવ્યનાં શ્રદ્ધા-જ્ઞાન કરો એ જ ધર્મનું કારણ છે.

વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે):—

શ્લોકાર્થ:—"શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી"—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ૭૪.

"જે તત્ત્વવેદી શુદ્ધ જીવને પોતાનો માને અને બાકીના ભાવોને પર માને તે મોક્ષદશાને પામે છે."

અહીં શુદ્ધ જીવાસ્તિકાય શબ્દ વાપરેલ છે. દરેક જીવ શુદ્ધ છે ને અસંખ્યપ્રદેશી છે એમ બતાવવા કહ્યું છે. શુદ્ધ જીવાસ્તિકાય કહો, કારણ સમયસાર કહો, ત્રિકાળ ધ્રુવ-સ્વભાવ કહો, નિત્ય કહો, ત્રિકાળ કારણશુદ્ધજીવ કહો, તે બધા એકાર્થ વાચક છે. શુદ્ધ જીવ સિવાય પર્યાયમાં થતા દયા-દાનાદિભાવો તે ખરેખર અમારા નથી, વિકાર તથા જ્ઞાનનું ઓછાપણું વગેરે પણ અમારું સ્વરૂપ જ નથી. તે બધા પુદ્ગલને લક્ષે થયેલા ભાવો છે તેથી તે પુદ્ગલ દ્રવ્યના ભાવો છે. શુદ્ધ જીવના ભાવો નથી. આમ જે તત્ત્વના જાણનાર સ્પષ્ટપણે કહે છે એટલે કે માને છે તે પૂર્વે નહિ પ્રગટ થયેલી એવી મુક્તિદશાને પામે છે. 'કહે છે' શબ્દમાં વાણીનું જોર નથી પણ વાણી પાછળ વાચ્યનું જોર બતાવવું છે. પોતે શુદ્ધ ચૈતન્યસ્વભાવને જ આદરણીય માને છે તે તત્ત્વવેદી ચોક્ખી વાત જગતને કહે છે કે તારા જીવના આશ્રય સિવાય ત્રણકાળમાં મુક્તિ નથી. વળી ફળરૂપે સાધારણ સિદ્ધિ એટલે સમ્યગ્દર્શનની વાત નથી પણ તે જીવ પૂર્ણ પરમ મુક્તિ દશાને પામે છે.

શ્રદ્ધાન વિપરીત–અભિનિવેશ વિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય–વિમોહ–વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

ચલ–મલ અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

જિન સૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્ર જ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દૃગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.
વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

અન્વયાર્થ [ ગાથા ૫૧ ]:—વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; સંશય, વિમોહ ને વિભ્રમ રહિત ( જ્ઞાન ) તે સમ્યગ્જ્ઞાન છે.

અન્વયાર્થ [ ગાથા ૫૨ ]:—ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે ( સમ્યક્ ) જ્ઞાન છે.

અન્વયાર્થ [ ગાથા ૫૩ ]:—સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે; જિનસૂત્રના જાણનારા પુરુષોને ( સમ્યક્ત્વના ) અંતરંગ હેતુઓ કહ્યા છે; કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.

"નિશ્ચય સમ્યક્દર્શન પ્રગટ કરનાર જીવને જિનસૂત્ર બહિરંગ નિમિત્ત છે."

જે જીવ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને કોણ નિમિત્ત હોય છે તેની ઓળખાણ આ ગાથામાં આપી છે. સમ્યગ્દર્શનમાં નિમિત્ત ભગવાનની વાણી અથવા વાણીમાંથી રચાયેલા જિનસૂત્રો છે. વીતરાગની વાણી એમ કહે છે કે કારણપરમાત્મા ધર્મ માટે ઉપાદેય છે, પુણ્ય–પાપને હેય બતાવે તે જિનસૂત્ર છે ને જે જીવ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે તેને જિનસૂત્ર બાહ્ય નિમિત્ત કહેવાય છે.

"નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને જ્ઞાની ધર્માત્મા અંતરંગ નિમિત્ત છે."

હવે સમ્યગ્દર્શન પ્રગટ થવામાં અંતરંગ નિમિત્ત બતાવે છે. જિનસૂત્રને જાણનારા પુરુષો અંતરંગ નિમિત્ત છે. જિનસૂત્રના એકલા શબ્દો નિમિત્ત થતાં નથી પણ જિનસૂત્રના રહસ્યને જાણીને અંતરંગ પરિણમન પામેલા એવા જ્ઞાની પુરુષો કે જેમને સમ્યગ્દર્શન પ્રગટેલ છે તે બીજાને સમ્યગ્દર્શનના અંતરંગ નિમિત્ત છે. જ્ઞાની પુરુષો તેમજ વાણી બન્ને પર છે, અંતરંગ નથી; પણ વાણી અને જ્ઞાની પુરુષો બન્નેના નિમિત્તમાં ભેદ બતાવવા વાણીને બાહ્ય નિમિત્ત કહેલ છે ને જ્ઞાની પુરુષોને અંતરંગ નિમિત્ત કહેલ છે. જ્ઞાની પુરુષો પર હોવા છતાં 'તેમને આમ કહેવું છે' એમ તેમના આત્માનો અભિપ્રાય સાચો ધર્મ પામનાર જીવ પકડી લ્યે છે ને અભિપ્રાય પકડીને સમ્યગ્દર્શન પામે તો જ્ઞાની પુરુષને અંતરંગ હેતુ અથવા નિમિત્ત કહેવામાં આવે છે.

## "સમ્યગ્દર્શનમાં જ્ઞાની ધર્માત્માઓને અંતરંગ નિમિત્ત કેમ કહ્યા ?"

આ ઉપરથી નક્કી થાય છે કે કોઈ અજ્ઞાની જીવ ધર્મ પામવામાં નિમિત્ત ન થાય તેમ જ એકલાં શાસ્ત્ર પણ સમ્યગ્દર્શનમાં નિમિત્ત થતાં નથી. સમ્યગ્દર્શન પામનારને એકવાર જ્ઞાનીના નિમિત્તનો યોગ જરૂર હોવો જોઈએ. સત્‌ને સત જ નિમિત્ત હોય, પણ અજ્ઞાની નિમિત્ત ન હોય તેમજ એકલાં શાસ્ત્ર પણ નિમિત્ત ન હોય. અહીં પરાધીનતાની વાત નથી પણ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં સ્વ-પર–પ્રકાશક સ્વભાવ ખિલતાં સ્વને જાણતાં પરપ્રકાશકજ્ઞાનમાં આવા નિમિત્તો હોય તેમ જાણી લ્યે છે. કેસર લેવા જતી વખતે ડબ્બો બારદાન તરીકે હોય પણ કોથળો બારદાન તરીકે ન હોય, ડબ્બાથી કેસર આવે છે એમ તો નથી જ પણ કેસર લેવા જતી વખતે બારદાન ડબ્બાનું હોય છે. એમ ધર્મદશા પ્રગટતી વખતે ધર્મી ચૈતન્ય આત્મા નિમિત્ત હોય છતાં તેનાથી ધર્મ પામે છે એમ બતાવવું નથી પણ નિમિત્તની ઓળખાણ કરાવવી છે. જ્ઞાની પુરુષોને અંતરંગ હેતુ કહેવાનું કારણ એ છે કે જ્ઞાની પુરુષોને દર્શન-મોહનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ હોય છે, આત્માનું અવલંબન લઈને સમ્યગ્દર્શનની પાત્રતા થઈ હોય તેવા જીવને વીતરાગી વાણી તથા તેનું રહસ્ય સમજીને સમ્યગ્દર્શન પામેલા જ્ઞાની પુરુષો અંતરંગ નિમિત્ત હોય છે. જ્ઞાની પુરુષોના કહેવાનો આશય સામો ધર્મ પામનાર જીવ પકડે છે માટે જ્ઞાનીને અંતરંગ નિમિત્ત કહ્યા છે.

અન્વયાર્થ [ ગાથા ૫૪ ]:—સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, ચારિત્ર (પણ) હોય છે; તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.

આ ગાથામાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત કરે છે. પ્રથમ બે ગાથામાં દેવ-શાસ્ત્ર-ગુરુ આદિની વિકલ્પવાળી શ્રદ્ધા વગેરે વ્યવહાર સમકિતની વાત કરી હતી. ત્રીજીમાં નિમિત્તનું જ્ઞાન કરાવી આ ગાથામાં નિશ્ચય સમકિતની વાત કરી છે. જ્ઞાન-સ્વભાવી આત્માની શ્રદ્ધા કરવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. આત્માનું જ્ઞાન તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે ને આત્મામાં સ્થિરતા તે નિશ્ચય ચારિત્ર છે ને આવું જેને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય છે તેને વ્યવહાર સમકિત હોય છે ને જેને આવી પાત્રતા હોય છે તેને જ્ઞાની નિમિત્ત મળ્યા વિના રહેતા નથી. હવે વ્યવહાર અને નિશ્ચય ચારિત્રની વાત કરે છે.

અન્વયાર્થ [ ગાથા ૫૫ ]:—વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે; નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે.

મુનિને છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતાદિનાં વિકલ્પવાળા ભાવ વર્તે છે. સમ્યગ્દર્શન છે તેમ જ ચારિત્ર દશા પણ પ્રગટી છે પણ સાતમી ભૂમિકાની નિર્વિકલ્પદશા આવી નથી

પણ શુભરાગ છે તેને વ્યવહારનયનું તપશ્ચરણ કહે છે ને શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી નિર્વિકલ્પ-દશામાં ઠરે છે તે નિશ્ચય તપશ્ચરણ છે.

"પંચપરમેષ્ઠી પ્રત્યે ભક્તિ તથા વિપરીતતા રહિત પદાર્થોની શ્રદ્ધા તે વ્યવહારદર્શન છે."

ટીકા :—આ રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

અહીં પ્રથમ વ્યવહારની વાત કરે છે પણ તેથી કરીને વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી એમ કહેવાનો ભાવ નથી. સાધક જીવને નિશ્ચયનું ભાન છે, અખંડજ્ઞાન સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન છે, પણ પોતાના સ્વભાવમાં ઠરી શકતા નથી ત્યારે વિકલ્પવાળો શુભરાગ કેવો હોય છે તે વ્યવહારરત્નત્રયનું સ્વરૂપ બતાવે છે. નિશ્ચય સમકિત પ્રગટ થયેલા જીવને વ્યવહાર શ્રદ્ધા કેવી હોય છે તે બતાવે છે. ભગવાન સર્વજ્ઞ વીતરાગ સિવાય બીજા કોઈ કુદેવાદિમાં તેને શ્રદ્ધા હોતી નથી. પંચપરમેષ્ઠી પ્રત્યે વિપરીત અભિપ્રાય રહિત સાચી શ્રદ્ધા હોય છે. તે શ્રદ્ધા મોક્ષની સિદ્ધિનો પરંપરા હેતુ છે, જીવને પોતાના કારણપરમાત્માની શ્રદ્ધા છે ને તેના આશ્રયે મોક્ષ પામશે તેથી પંચપરમેષ્ઠીની શ્રદ્ધાના રાગને વ્યવહારથી પરંપરા કહેલ છે. વળી ભગવાને કહેલાં સ્વરૂપ વિશેની શ્રદ્ધામાં તેને કોઈ પણ દોષ હોતો નથી, ભગવાને સ્વરૂપ કહ્યું તેમ હશે કે આમ હશે એવી ચંચળતા, મલિનતા અથવા અગાઢતા રહિત શ્રદ્ધાન વર્તે છે. વિષ્ણુ, બ્રહ્મા આદિ રાગી દેવોએ બતાવેલું સ્વરૂપ વિપરીત છે એવા વિપરીત અભિપ્રાયનો તેને અભાવ છે. અન્યમતે કહેલું સાચું હશે કે ભગવાને કહ્યું તે સાચું હશે એમ જે ડામાડોળ છે તેને વ્યવહારના પણ ઠેકાણાં નથી. ભગવાને કહેલાં સ્વરૂપની જેને અડગ શ્રદ્ધા છે ને તેમાં કાંઈ પણ દોષ નથી એવો જીવ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે તો તેની રાગવાળી શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહે છે.

"સંશય, વિપરીતના ને અજાણપણાના દોષ રહિત પદાર્થોનું જ્ઞાન તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે."

હવે વ્યવહાર સમ્યગ્જ્ઞાનની વાત કરે છે; તે પણ ત્રણ દોષ રહિત હોવું જોઈએ. વીતરાગ તે સાચા દેવ હશે કે અન્યમતમાં કહેલાં દેવ સાચાં હશે એવી માન્યતા તે શંકા દોષ છે. ભગવાને કહેલાં અનેકાંત સ્વરૂપથી વિપરીત જ્ઞાન કરવું ને એકાન્ત ક્ષણિક વગેરે કહેનાર બુદ્ધાદિના કહેલાં પદાર્થોનું જ્ઞાન કરવું ને તેને સમ્યગ્જ્ઞાન જાણવું તે વિમોહ દોષ છે. ને વસ્તુ સ્વરૂપથી અજાણપણું તે વિભ્રમ દોષ છે. જે જીવ નિશ્ચય આત્મજ્ઞાન પ્રગટ કરે છે તેનું ત્રણે દોષ રહિતનું જ્ઞાન વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

"હિંસાદિથી નિવૃત્તિના પરિણામ ને અઠ્ઠાવીસ મૂળગુણનું પાલન તે વ્યવહારચારિત્ર છે."

હવે વ્યવહારચારિત્રની વાત કરે છે. જે મુનિને આત્માનું ભાન છે ને સ્વરૂપની અંદર લીનતા વર્તે છે, તેવા જીવને વિકલ્પવાળી દશામાં હિંસાથી નિવૃત્તિના પરિણામ હોય ને ૨૮ મૂળગુણનું પાલન હોય છે. પાંચ મહાવ્રતાદિના પાલનને વ્યવહારચારિત્ર કહે છે. આવી રીતે ભેદોપચારરત્નત્રય પરિણતિ હોય છે. આ વ્યવહારનો અધિકાર અહીં શુદ્ધભાવમાં કેમ નાખ્યો? એમ કોઈ પ્રશ્ન કરે તો તેને કહે છે કે તે યથાસ્થાને નાખેલ છે. જે જીવ અનાદિ અનંત શુદ્ધભાવના આધારે નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરે છે તેને વિકલ્પવાળી દશામાં કયા વિકલ્પ હોય ને વિકલ્પમાં કેવા નિમિત્ત હોય તે બતાવે છે. રાગ વખતે શ્રદ્ધા પંચપરમેષ્ઠીની જ હોય, જ્ઞાનીની વીતરાગી વાણી જ સાંભળતો હોય, અજ્ઞાની નિમિત્ત ન હોય, તેનું શાસ્ત્રજ્ઞાન પણ દોષ રહિત હોય આમ નિશ્ચય સાથે વ્યવહારને નિમિત્તનો મેળ કેવો હોય તે બરાબર બતાવવામાં આવ્યો છે માટે યથાસ્થાને છે.

[ ક્રમશઃ ]

— * —

## ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય

આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવસ્વરૂપ છે તેને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દોડાવવી; વારંવાર એ જ કરવાનું છે. એમ કરતાં, વચ્ચે શુભભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું કારણ છે, આત્મા તો એ બધાથી જુદો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે—એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી. પહેલાં શ્રદ્ધા થાય અને પછી જેવી શ્રદ્ધા–પ્રતીતિ થાય એવો જ તેનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય. જેની જેવી રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

અહીં લોકભાવનામાં સાત નયોનું વર્ણન ચાલે છે. જ્યાં સમ્યગ્જ્ઞાન થયું હોય ત્યાં આવા નયોથી વસ્તુસ્વરૂપનું ચિંતવન હોય છે ને તે શુદ્ધતાની વૃદ્ધિનું કારણ છે.

દ્રવ્યાર્થિકનયના નૈગમ, સંગ્રહ ને વ્યવહાર એવા ત્રણ પ્રકાર છે, તેમાંથી વ્યવહારનયનું વર્ણન ચાલે છે.

સંગ્રહનયે સામાન્યપણે બધા પદાર્થોનું ગ્રહણ કર્યું તેમાં વિશેષ ભેદ પાડીને ગ્રહણ કરે તે વ્યવહારનય છે. સામાન્યપણે બધું સત્ હોવા છતાં તેમાં સામાન્ય-વિશેષ, દ્રવ્ય-ગુણ-પર્યાય, જીવ-અજીવ એવા ભેદ પણ છે. સર્વથા સામાન્યને જ માને પણ વિશેષને ન માને તો તેને નય સાચા હોય નહિ. સમ્યગ્જ્ઞાનથી યથાર્થ વસ્તુને જાણ્યા પછી, જ્ઞાની જીવ આવા નયોથી વસ્તુને ચિંતવે છે. પૂર્વે રાજા હોય ને અત્યારે રાજગાદીથી ઊઠી ગયો હોય છતાં તેને વર્તમાનમાં રાજા કહેવાય. એવો નૈગમનયનો વિષય છે. ભવિષ્યની સિદ્ધ પર્યાયને વર્તમાનમાં લક્ષમાં લઈને એમ જાણવું કે "હું સિદ્ધ છું" એવો પણ નૈગમનય છે.

સંગ્રહનય બધા પદાર્થોને સામાન્યપણે ગ્રહે છે ને વ્યવહારનય તેમાં ભેદ પાડે છે. જીવ-અજીવ વગેરે બધાંય દ્રવ્યો છે એમ સામાન્ય દ્રવ્યપણે બધાને ગ્રહણ કર્યા તે સંગ્રહનય છે; તેમાં આ જીવ, આ અજીવ એવા ભેદ કરે તે વ્યવહારનય છે. "જીવો છે" એમ સંગ્રહનયે ગ્રહણ કર્યું અને તેમાં સંસારી ને સિદ્ધ એવા ભેદ પાડ્યા તે વ્યવહારનય છે.

વળી "પર્યાયો છે" એમ ગ્રહણ કર્યું તે સામાન્ય સંગ્રહનયનો વિષય થયો. જુઓ, આમાં અનંત પર્યાયોને ભેગી ગ્રહણ કરી હોવાથી તે દ્રવ્યાર્થિકનયનો વિષય થઈ જાય છે; અને તેમાં અર્થપર્યાયો ને વ્યંજનપર્યાયો એવા ભેદ પાડ્યા તે વ્યવહારનય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર ભેદ પાડવા તે વ્યવહારનો વિષય છે. સંગ્રહનયે ગ્રહણ કરેલા વિષયમાં ભેદ પાડવો તે વ્યવહાર છે.

આ નયો આગમના છે; અહીં છએ દ્રવ્યો તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે કેમ કે આ તો લોકના પદાર્થોની ભાવના ચાલે છે ને સમયસારમાં તો શુદ્ધ અભેદ આત્માને જ દ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો છે, ત્યાં અધ્યાત્મનયો છે. અહીં કહેલાં સાતેય નયો તે અધ્યાત્મદૃષ્ટિમાં તો વ્યવહાર છે.

સંગ્રહનયે અજીવ પદાર્થો છે એમ ગ્રહણ કર્યું. તેમાં પુદ્ગલ વગેરે પાંચ દ્રવ્યોનો

ભેદ પાડીને વ્યવહારનય જાણે છે. વળી પુદ્ગલદ્રવ્યને સામાન્યપણે સંગ્રહનય ગ્રહણ કરે છે, ત્યારે વ્યવહારનય તેમાં સ્કંધ અને અણુ, ઘટ–પટ વગેરે ભેદો પાડીને જાણે છે. એ પ્રમાણે ભેદ પાડતાં પાડતાં ઠેઠ એક પરમાણુ સુધી ભેદ પાડીને વ્યવહારનય ગ્રહણ કરે છે. જ્યાં સુધી સૂક્ષ્મ ભેદ પડે ત્યાં સુધી વ્યવહારનય છે. જુઓ, એક તરફ "આખું જગત સત્ છે" એમ સંગ્રહનયે ગ્રહણ કર્યું, ને તેમાં પરમાણુએ પરમાણુ ભિન્ન ભિન્ન છે—એમ વ્યવહારનયે ભેદ પાડીને જાણ્યું, એટલે આખા જગતથી માંડીને એક પરમાણુ સુધીના પદાર્થો નયના વિષયમાં આવી ગયા. જુઓ, આ સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય! સર્વજ્ઞના માર્ગ સિવાય આ વાત બીજે કયાંય હોય નહિ. સર્વજ્ઞદેવે કહેલાં યથાર્થ વસ્તુસ્વરૂપના જ્ઞાન સહિત જ્ઞાની જીવ તેનું વિશેષ સ્પષ્ટ ચિંતવન કરે છે. આવું વસ્તુસ્વરૂપ જે જીવ ન જાણે તે જીવ ચોરાશીના જન્મ-મરણમાં રખડે છે.

"અહો ભાગ્યશાળી હોય તેને આવી વાત કાને પડે અને પુરુષાર્થ-શાળીને અંદર પરિણમી જાય."

આ વાત સમજીને અંદરમાં પરિણમાવી દે તેનું સાચું કલ્યાણ થાય છે.

જુઓ, અર્થપર્યાય અને વ્યંજનપર્યાય–એવી બન્ને પર્યાય છએ દ્રવ્યોમાં છે, તે સર્વજ્ઞદેવે પ્રત્યક્ષ જોઈ છે. આકાશની વ્યંજનપર્યાય મોટી, ને કાળાણુની વ્યંજનપર્યાય નાની છતાં બન્નેમાં પોતપોતાના અનંતાગુણો સરખા હોય છે. બે જીવને કેવળજ્ઞાન હોય. ત્યાં બન્નેની અર્થપર્યાય સરખી છે, છતાં એકની વ્યંજનપર્યાય સાત હાથની હોય, ને બીજાની વ્યંજનપર્યાય લોક જેવડી (સમુદ્ઘાત વખતે) હોય. વ્યંજનપર્યાયમાં આટલો બધો તફાવત છતાં બંનેની અર્થપર્યાયનું સામર્થ્ય સરખું છે, કેવળજ્ઞાન બન્નેનું સરખું છે.

કેવળજ્ઞાન થયું ત્યારે સાત હાથની વ્યંજનપર્યાય હોય, પછી સમુદ્ઘાત કરે ત્યાં વ્યંજનપર્યાય પલટીને દંડ–કપાટ પ્રતર ને લોકપૂરણરૂપે થાય ને વળી પાછી સાત હાથની વ્યંજનપર્યાય થઈ જાય. એ પ્રમાણે વ્યંજનપર્યાયમાં ફેરફાર થવા છતાં કેવળજ્ઞાનાદિ અર્થપર્યાય તો એવડી ને એવડી રહે છે. અર્થપર્યાય અને વ્યંજનપર્યાય એમ બન્ને પ્રકારની પર્યાયો વસ્તુમાં છે, કેવળજ્ઞાન તે અર્થપર્યાય છે, કયા સમયે કેવી વ્યંજનપર્યાય થશે તે કેવળજ્ઞાનમાં જણાઈ ગયું છે. આકાશમાં જેટલા ગુણો છે, તેટલા જ ગુણો એક પરમાણુમાં છે અને વ્યંજનપર્યાય અપેક્ષાએ પરમાણુ કરતાં આકાશની પર્યાય અનંતગુણી પહોળી છે "પર્યાય છે" એમ સામાન્યપણે ગ્રહણ કરવું તે સંગ્રહનય છે ને તેમાં અર્થપર્યાય વ્યંજનપર્યાય એવા ભેદ પાડવા તે વ્યવહારનય છે.

અજીવ દ્રવ્યો છે એમ સામાન્ય ગ્રહણ કર્યું તે સંગ્રહનય છે, ને તેમાં પાંચ પડખા પાડીને પાંચે અજીવ દ્રવ્યને ભિન્ન ભિન્ન જાણવા તે વ્યવહારનય છે. જુઓ, અજીવના પાંચ

ભેદ છે, તેને પૂરા ન માને, એક પણ ઓછું માને તો વ્યવહારનયનો વિષય પૂરો થતો નથી.

હવે પર્યાયાર્થિકનયના ભેદ કહે છે, ત્યાં પ્રથમ ઋજુસૂત્રનય કહે છે.

यः वर्तमानकाले अर्थपर्यायपरिणतं अर्थम् ।
सन्तं साधयति सर्वं तमपि नयः ऋजुनयः जानीहि ॥२७४॥

અર્થ:—વર્તમાનકાળમાં અર્થપર્યાયરૂપ પરિણમેલા અર્થને સર્વને સત્‌રૂપ સાધે (ગ્રહણ કરે) તે ઋજુસૂત્રનય છે. ૨૭૪.

વર્તમાનપર્યાયથી જ વર્તમાન પર્યાય સત્ છે. ભૂત-ભવિષ્યપર્યાયને નહિ ગ્રહણ કરીને, વર્તમાનમાત્ર અર્થપર્યાયોને જે જાણે છે તે ઋજુસૂત્રનય છે. કાગડો કાળો? ઋજુસૂત્રનય કહે કે નહિ; કેમ કે કાગડામાં હાડકા, લોહી વગેરેના અનેક રંગ હોય છે. ઋજુસૂત્રનય તો કહે કે કાળો તે કાળો, ધોળું તે ધોળું, વર્તમાન એક સમયની પર્યાય જે રૂપે હોય તે રૂપે જ તે કહે છે. એક સમયમાત્રની પર્યાયને જાણે તે સૂક્ષ્મઋજુસૂત્ર ને એવી ને એવી સમાન ઘણાં કાળ સ્થાયી પર્યાયને જાણે તે સ્થૂળઋજુસૂત્રનય છે, જેમ કે મનુષ્ય-પર્યાય. સિદ્ધમાં પણ સમય સમયનું પરિણમન છે તેને જે જાણે તે સ્થૂળઋજુસૂત્રનય છે. દ્રવ્યાર્થિક ત્રણ નય અને એક આ ઋજુસૂત્રનય મળી ચારે નયોને અર્થનય કહેવાય છે.

આગળ ત્રણ પ્રકારના શબ્દનયોને કહે છે. ત્યાં પહેલાં શબ્દનયને કહે છે.

सर्वेषां वस्तुनां संख्यालिङ्गादि बहु प्रकारैः ।
यः साधयति नानात्वं शब्दनयं तं विजानीहि ॥२७५॥

અર્થ:—જે નય, સર્વ વસ્તુઓની સંખ્યા, લિંગ આદિ ઘણા પ્રકારથી નાનાપણાને સાધે તેને શબ્દનય જાણો. ૨૭૫.

જે નય વ્યાકરણ પ્રયોગમાં એકવચનાદિ સંખ્યા, સ્ત્રી-પુરુષ-નપુંસકલિંગ આદિ ઘણાં પ્રકારથી સાધે, વ્યાકરણ દોષ દૂર કરી જેવો શબ્દ છે તેવા જ અર્થને જાણે છે તે શબ્દનય છે. શબ્દે કહેલાં ભિન્ન-ભિન્ન વાચ્યને જાણવા તે શબ્દનયનું કાર્ય છે. કર્તા બીજો ને તેનું કાર્ય બીજામાં થાય—ઇચ્છાનો કર્તા ને શરીરાદિની પર્યાય કાર્ય—એમ નથી. પરમાર્થે કર્તાકર્મ જુદા નથી. શબ્દનય કર્તા અર્થને કર્તારૂપે જ ભેદરૂપ માને છે.

હવે સમભિરૂઢનયને કહે છે:—

य: एकैकं अर्थं परिणतिभेदेन साधयति ज्ञानम् ।
मुख्यार्थं वा भाष्यति अभिरूढं तत् नयं जानीहि ॥२७६॥

અર્થ:—જે નય, વસ્તુને પરિણામનાં ભેદથી એક એક જુદા જુદા ભેદરૂપ સાધે અથવા તેમનાં મુખ્ય અર્થને ગ્રહણ કરી સાધે તેને સમભિરૂઢનય જાણવો. ૨૭૬.

જે નય વસ્તુના રૂઢ પ્રસિદ્ધ અર્થને ગ્રહણ કરે તે સમભિરૂઢનય છે. આ નય બેઠી હોય તોપણ ગાયને ગાય કહે, એવંભૂતનય તો ચાલે ત્યારે જ ગાયને ગાય કહે છે. શબ્દનય તો ગૌ શબ્દના ઘણા અર્થને માને છે, તેમાંથી સમભિરૂઢનય ખાસ રૂઢી અર્થને માને છે. આગળ એવંભૂતનય કહે છે:—

येन स्वभावेन यदा परिणतरूपे तन्मयत्वात् ।
तत्परिणामं साधयति य: अपि नय: स: अपि परमार्थ: ॥२७७॥

અર્થ:—વસ્તુ જે કાળમાં જે સ્વભાવથી પરિણમનરૂપ હોય છે તે કાળમાં તે પરિણામથી તન્મય હોય છે; તેથી તે જ પરિણામરૂપ (વસ્તુને) સાધે—કહે તે એવંભૂતનય છે. આ નય પરમાર્થરૂપ છે. ૨૭૭.

જે કાળે ધર્મધ્યાનમાં વર્તે તે જ કાળે તેને ધ્યાની કહે અથવા જે કાળે ભક્તિ-પૂજા કરતો હોય ત્યારે જ તેને ભક્ત-પૂજક કહે. જે શબ્દ કહ્યો તે જ પર્યાયની યથાર્થ ક્રિયાને પકડે, બધી અર્થપર્યાયને નહિ, એ પરમાર્થ છે.

ઋજુસૂત્રનયથી શબ્દનયાદિમાં ઉત્તરોત્તર ભાવમાં સૂક્ષ્મતા આવે છે. શબ્દોમાં વિવાદ મટાડવા માટે આ નયો છે એમ નથી, પણ પરમાર્થ ખરો અર્થ બતાવવા માટે આ નયો છે તે વાચ્યાર્થને નક્કી કરે છે. દ્રવ્યનયોથી આ શબ્દનયો સૂક્ષ્મ છે.

પર્યાય પણ સત છે, તે દ્રવ્યનું સ્વરૂપ છે. સમ્યગ્દર્શનના વિષયભૂત શુદ્ધદ્રવ્યના અવલંબનની અપેક્ષાએ પર્યાય-ભેદ અભૂતાર્થ કહેવાય છે. હવે નયોના કથનને સંકોચે છે:—

एवं विविधनयै: य: वस्तु व्यवहरति लोके ।
दर्शनज्ञानचरित्रं स: साधयति स्वर्गमोक्षौ च ॥२७८॥

અર્થ:—જે પુરુષ આ પ્રમાણે નયોથી વસ્તુને વ્યવહારરૂપ કહે છે—સાધે છે—પ્રવર્તાવે છે તે પુરુષ દર્શન-જ્ઞાન-ચારિત્રને સાધે છે તથા સ્વર્ગ-મોક્ષને સાધે છે. ૨૭૮.

ખરેખર તો શુદ્ધ દૃષ્ટિ દ્વારા સ્વદ્રવ્યના અવલંબનથી જ મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. પણ જ્ઞાન છે તે નિશ્ચય-વ્યવહારના જેટલા પ્રકાર છે તેને જાણે છે. અહીં

જ્ઞાનની સ્પષ્ટતા તે મોક્ષનું કારણ છે એમ કહી દીધું. કોઈ કહે કે એકલું જ્ઞાન મોક્ષનું કારણ કેમ? તો તેને કહે છે કે મોક્ષમાર્ગમાં સમ્યગ્જ્ઞાન આવે છે, ને તે જ્ઞાનમાં સાતનય આવે છે. સંયોગ, વિકાર, અવિકાર, દ્રવ્ય-ગુણ-પર્યાયને તે જ્ઞાન યથાર્થપણે જાણે છે ને આવું જાણે તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે છે ને તે જ્ઞાનમાં આત્માને પકડી સ્થિર થવાની તાકાત છે તેથી અહીં જ્ઞાનની મુખ્યતા કહી છે. [ ક્રમશઃ ]

— ❀ —

## વૈરાગ્ય સમાચાર :—

* રાણપુરનિવાસી શ્રી અનોપચંદ હીરાચંદ વોરા (તે શ્રી જયંતિલાલ રાયચંદ ખંધારના બનેવી) (વર્ષ-૭૭ આશરે) તા. ૨૮-૧૦-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી એનકુંવરબેન પ્રાગજીભાઈ મહેતા (વર્ષ-૯૫) તા. ૪-૧૧-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોશી (આફ્રિકા) નિવાસી શ્રી સુધીર રણમલ વીરજી માલદે (વર્ષ-૪૨) તા. ૫-૧૧-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* (ગઢડાવાળા શ્રી મકનજીદાદાની ભાણેજ) બોટાદનિવાસી હીરાબેન ગોવિંદભાઈ કામદારના સુપુત્ર શ્રી ધીરજલાલભાઈ (વર્ષ-૪૭) તા. ૬-૧૧-૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી રૂક્ષ્મણીબેન (શ્રી શાંતિભાઈ ઝવેરીના માતુશ્રી) તા. ૧૦-૧૧-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી (હાલ જસદણ) શ્રી હિંમતલાલ મોહનલાલ ટોલીયા (વર્ષ-૬૩) તા. ૨૪-૧૧-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જમસેદપુરનિવાસી શ્રી પ્રભાબેન નંદલાલ મહેતા (વર્ષ-૭૨) તા. ૨૬-૧૧-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા સમયથી સોનગઢ રહેતા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—❀—

[ અદ્‌ભુત ચૈતન્યતત્ત્વ... ....ટાઈટલ ૨ થી ચાલુ ]

જિનેન્દ્રભગવાનની વાણીમાં અનંત રહસ્યો હોય છે. તે વાણીની ગંભીરતા અથાહ છે. જિનેશ્વરની વાણી વિષે શ્રીમદે ૧૭માં વરસે કહ્યું છે ને —

" અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે; "

ભવનો અંત આણે એવી તે જિનેન્દ્રવાણીની—તેની ગહનતાની—શી વાત ! એ કોઈ સાધારણ વાણી નથી, અનંત અનંત કલ્યાણદાયી રહસ્યોથી ભરપૂર છે. તે કલ્યાણી વાણી દ્વારા ઘણા જીવો—અધોલોકના અસુરો, ઊર્ધ્વલોકના સુરો અને મધ્યલોકના નરો અને તિર્યંચો—મોક્ષનો માર્ગ પામે છે. ભગવાનની વાણી હિતકર, મધુર અને સ્પષ્ટ હોવાથી ત્રણે જગતના જીવો દ્વારા પૂજ્ય છે. જિનવાણીનો મહિમા કરતાં શ્રીમદે કહ્યું છે :

સકળ જગત હિતકારિણી, હારિણી મોહ, તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ, આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો રાજચંદ્ર ! બાળ ખ્યાલ નથી પામતા એ, જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે.

' આમ હોવા છતાં આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી. '

દક્ષિણ ભારતમાં ૨૦ વર્ષની દીક્ષા-વયવાળા એક દિગંબર જૈન સાધુ છે. તેમણે આ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક તથા આપણું અન્ય સાહિત્ય વાંચ્યું, વાંચીને તેઓ ખૂબ પ્રસન્ન થયા છે, અને લખે છે કે—'સ્વામીજી ! આપ આ વાત કયાંથી લાવ્યા ? ૨૦૦ વર્ષમાં આવી વાત કહેનાર કોઈ નહોતું.' તે સાધુ 'વચનામૃત' પુસ્તકો અહીંથી મંગાવે છે અને શ્રાવકોને, ૨૦ મિનિટ દરરોજ વાંચવાની પ્રતિજ્ઞા લેવરાવીને ભેટ આપે છે. જિનેન્દ્રપ્રભુએ કહેલો આ માર્ગ પ્રભુ ! કોઈ જુદી જાતનો છે. તેમની વાણી અને સિદ્ધાન્તો અલૌકિક છે. તેમણે બતાવેલું શુદ્ધ પરમાનંદકંદ ચૈતન્યતત્ત્વ એવું અદ્‌ભુત છે કે જેનું પૂરું વર્ણન તેમની 'ૐ' કાર દિવ્યધ્વનિમાં પણ આવતું નથી. એક અપેક્ષાએ એમ કહેવાય કે શબ્દબ્રહ્મ એટલે કે જિનવાણી સર્વપદાર્થપ્રકાશનશીલ છે અને એક અપેક્ષાએ એમ પણ કહેવાય કે—

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

સર્વજ્ઞભગવાને ચૈતન્યાદિ સર્વ વસ્તુનું જે પૂર્ણ સ્વરૂપ જાણ્યું છે તેના કરતાં અનંતમા ભાગે તેમના 'દિવ્યધ્વનિ'માં આવે છે, 'દિવ્યધ્વનિ'માં જેટલું આવે છે તેના કરતાં ગણધર અનંતમાં ભાગે ઝીલે છે, ગણધરભગવાને જે ઝીલ્યું છે તેના કરતાં અનંતમા ભાગે બાર અંગરૂપ શ્રુતની રચના થાય છે. એ રીતે ચૈતન્યનું અદ્‌ભુત

સ્વરૂપ માત્ર અનુભવગમ્ય છે, વાણીમાં તેનો પૂરો ચિતાર આવી શકતો નથી. દુશ્મન મિત્રતાની વાતો કેટલી કરે? તેમ, જડ વાણીમાં આનંદનાથ ચૈતન્યનું વર્ણન કેટલું આવે? માત્ર ઇશારા આવે, પૂરું વર્ણન આવી શકે નહિ. વાણી તો માત્ર સંખ્યાત શબ્દાત્મક છે અને પ્રભુ ચૈતન્ય તો સહજ જ્ઞાન ને આનંદાદિ અનંત અનંત સમૃદ્ધિનો ભંડાર છે. ચૈતન્યપ્રભુની અનંતતાનું વર્ણન સંખ્યાત શબ્દાત્મક વાણીમાં કઈ રીતે આવે? જિનેન્દ્રદેવની વાણી દ્વારા ઘણા જીવો મોક્ષનો માર્ગ પામતા હોવા છતાં, આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી.

'ચૈતન્યતત્ત્વ અદ્ભુત, અનુપમ ને અવર્ણનીય છે.'

અહા! ચૈતન્યતત્ત્વ કોઈ અદ્ભુત ચીજ છે. ધર્મીને અતીન્દ્રિય આનંદથી ભરેલા નિજ જ્ઞાયક આત્માનો અનુભૂતિમાં સ્વાદ આવે, પણ તેનું વર્ણન તે શું કરે? પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદનો નાથ—જેના આશ્રયે સાદિ-અનંત કાળ પૂર્ણ જ્ઞાન ને આનંદ પરિણતિમાં વહ્યા કરે એવું નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વ—તેની લોકોત્તર અદ્ભુતતા, અનુપમતા ને અવર્ણનીયતાની શી વાત! શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્યદેવે સમયસારની આત્મખ્યાતિ ટીકામાં—એ કળશમાં—'अद्भुतादद्भुत' ને 'अद्भुत' કહ્યું છે: અહો! આત્માનો તે આ સહજ અદ્ભુત વૈભવ છે કે એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે, એક તરફથી જોતાં ક્ષણભંગુર છે અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, એક તરફથી જોતાં ત્રણ લોક દેખાય છે અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. આવો આત્માનો અદ્ભુતથી પણ અદ્ભુત સ્વભાવમહિમા જયવંત વર્તે છે. આવો દ્રવ્ય-પર્યાયાત્મક અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. અજ્ઞાનીઓને તેમાં આશ્ચર્ય ઊપજે છે કે આ તો અસંભવિત જેવી વાત છે! જ્ઞાનીઓને જો કે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્ભુત પરમ આનંદ થાય છે, અને તેથી આશ્ચર્ય પણ થાય છે. અહા! આવા અદ્ભુત ચૈતન્યતત્ત્વને શી ઉપમા આપવી? કોની સાથે તુલના કરવી? એ તો અનુપમ અને અવર્ણનીય છે.

'તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે.'

તે અદ્ભુત ને અનુપમ જ્ઞાયકતત્ત્વ વાણી, ચેષ્ટા વિકલ્પ કે ધારણા દ્વારા નહિ પણ અતીન્દ્રિય સ્વાનુભૂતિમાં જ ખરું ઓળખાય છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્દર્શન એટલે કે યથાર્થ આત્મદર્શન થતાં આનંદનો નાથ ચૈતન્યપ્રભુ અનુભવમાં આવે છે, જણાય છે. સ્વાનુભવ વિના ધારણા વગેરે બધું નિરર્થક છે. સ્વાનુભૂતિમાં જ આત્મા ખરો ઓળખાય છે. —❋—

(તા. ૧૦-૧૨-૮૯)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ—ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી સમયસાર' (પંદરમીવારના) તેમ જ સાંજે 'શ્રી અષ્ટપાહુડ' (૧૯૭૦ના) ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ–પ્રવચન, બપોરે શાસ્ત્ર પ્રવચન અને ત્યાર બાદ જિનેન્દ્રભક્તિ, રાત્રે શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા–શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આપણા આદરણીય પં૦ શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શનનો લાભ મળે છે.

* આપણા તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નવમાં વાર્ષિક સમાધિદિન—કહાનગુરુ-ઉપકાર-સ્મૃતિના પુનીત અવસર—નિમિત્તે પ્રતિવર્ષાનુસાર રાખવામાં આવેલ પાંચ દિવસીય વિશિષ્ટ 'ધાર્મિક કાર્યક્રમ' આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલી વૈરાગ્ય તેમ જ ભક્તિભાવભીની 'પંચપરમેષ્ઠીમંડલવિધાન-પૂજા' અને જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ; તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઉજવાયો હતો. સમાગત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન સર્વશ્રી હીરાભાઈ શાહ (દહેગાંવ), હિંમતભાઈ ડગલી, શશીકાંતભાઈ શેઠ તેમ જ ડૉ. પ્રવિણભાઈ દોશીએ આ શુભાવસર પર પૂજ્ય 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' ઉપર ભાવવાહી સુંદર તાત્ત્વિક પ્રવચન આપ્યા હતા.

* દીપાવલિ તથા તેના આગળ–પાછળના દિવસોમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં આવેલ રૂા. ૩૨૦૦૦/– (બત્રીસહજાર) જિનમંદિર તથા જ્ઞાનપ્રચાર આદિ સંસ્થાના વિવિધ ખાતાઓ માટે જાહેર કરવામાં આવ્યા હતા.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાની ખુશાલીમાં
રૂા. ૧૦૦૧૦/–નાઇરોબીનિવાસી શ્રી વેલજીભાઈ નરશીભાઈ શાહ તથા શ્રી લલિતાબેન વેલજીભાઈ શાહ

રૂા. ૫૦૧૦/– ડૉ. સર્યુબેન તથા સુહાસબેન, U. S. A.

રૂા. ૫૦૦૯/– મૂળજીભાઈ ધરમશીભાઈ તથા જયાબેન મૂળજીભાઈ, નાયરોબી
તરફથી સંસ્થાના જ્ઞાનપ્રચાર આદિ વિભિન્ન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* માગશર વદ ૮ બુધવાર, તા. ૨૦–૧૨–૮૯ ના રોજ પરમાગમ શ્રી સમયસાર આદિ અધ્યાત્મશ્રુતના પ્રણેતા પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' વિશેષ પૂજાભક્તિ તેમ જ જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્ પ્રભાવના ઉદયથી હૈદ્રાબાદ (આંધ્રપ્રદેશ)માં નવનિર્મિત ભવ્ય 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર'માં બિરાજમાન થનારા વીતરાગભાવવાહી જિનબિંબોની પંચકલ્યાણકપ્રતિષ્ઠા તા. ૨૪–૧–૯૦ થી તા. ૩૧–૧–૯૦ (વસંતપંચમી)—આઠ દિવસની રાખવામાં આવી છે. નાંદીવિધાનના મંગલ કલશ તેમ જ ધર્મધ્વજ, જિનમંદિર–ધ્વજ અને જિનવાણી આદિ પર 'સ્વસ્તિક–અંકન' આદિ મંગલ વિધિ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં મંગલવર્ધક કરકમલ દ્વારા કરાવવા માટે તથા પંચકલ્યાણકપ્રતિષ્ઠાની મનોહર નિમંત્રણ–પત્રિકા દેવા માટે હૈદ્રાબાદ દિ૦ જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ પ્રતિનિધિ સોનગઢ આવ્યા હતા. પૂજ્ય બહેનશ્રીનાં મંગલ કરકમળે તા. ૩૦–૧૧–૮૯ ના રોજ સમ્પન્ન ઉક્ત વિધિના સમયે બધાને એટલો આનંદોલ્લાસ હતો કે જાણે આજે જ પંચકલ્યાણકનો ભવ્ય મહોત્સવ થઈ રહ્યો હોય.

* શ્રુતલબ્ધિવંત સ્વાનુભવપ્રેરણામૂર્તિ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્વાનુભવ-માર્ગ-પ્રકાશક અધ્યાત્મ-અમૃત-વાણીના પ્રચાર અર્થે, રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુદાસભાઈ મોહનલાલ ધીયા તરફથી ગુરુ-કહાન-સમાધિ-દિન નિમિત્તે તા. ૧૯–૧૧–૮૯ ના રોજ કેસેટ–પ્રવચન દીઠ રૂા. ૩/–નું ડીસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. —*—

## 卐 આત્મધર્મનું લવાજમ રૂા. ૫/– 卐

* ગુરુ-કહાન-જન્મશતાબ્દિવર્ષના ઉપલક્ષમાં મુંબઈનિવાસી શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી તરફથી ગુજરાતી તેમ જ હિન્દી આત્મધર્મ માસિકના ચાલુ વર્ષના લવાજમમાં આગામી વૈશાખ સુદ બીજ સુધી રૂા. ૪/– ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. ચાલુ વર્ષના લવાજમ માટે રૂા. ૯/–ને બદલે રૂા. ૫/– મોકલવા.

'પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી' અંતર્ગત
હૈદ્રાબાદ (આંધ્રપ્રદેશ) માં તા. ૨૭-૧-૯૦ થી તા. ૩-૨-૯૦ સુધી
શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો

# અસાધારણ ભવ્ય મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક વીર-કુંદ માર્ગપ્રભાવક પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં વીતરાગ-દેવ-ગુરુ-ભક્તિરસભીના પુનિત પ્રભાવના ઉદયથી તેમ જ વીતરાગ-દેવ-ગુરુ-ધર્મના પરમોપાસક સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના મંગલવર્ષી પવિત્ર આશિષથી અમારા હૈદ્રાબાદ મહાનગરમાં 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભક્તગણ નિર્માપિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર'ના દિગંબર જિનબિંબોની શુદ્ધામ્નાય અનુસાર પંચકલ્યાણકપ્રતિષ્ઠા, અમારા 'શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી શ્રી હૈદ્રાબાદ દિગંબર જૈન મુમુક્ષુમંડળ' દ્વારા ઉપરોક્ત આઠ દિવસોમાં અત્યાનન્દોલ્લાસ સહ કરવામાં આવશે.

તેથી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દીના મંગલ અવસર પર ઉજવાનાર આ અસાધારણ ભવ્ય મહોત્સવમાં, દેશ-વિદેશવાસી સમસ્ત મુમુક્ષુ સમાજને, નિજકલ્યાણના હેતુએ અવશ્ય પધારવા માટે અમારા મંડળ તરફથી ધર્મવાત્સલ્ય-યુક્ત તેમ જ આગ્રહપૂર્ણ નિમંત્રણ છે.

આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનની મંગલવિધિ તીર્થધામ શ્રી સુવર્ણ-પુરીમાં—પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતાની કલ્યાણી છત્રછાયામાં—તા. ૩૦-૧૧-૮૯ના રોજ, અમારા મંડળના પ્રમુખ પ્રતિનિધિઓએ સમ્પન્ન કરી હતી. આ પત્રિકા મુમુક્ષુમંડળોને મોકલાવવામાં આવી રહી છે.

પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ-બિરાજમાન, ધર્મધ્વજારોહણ તેમ જ પંચ-પરમેષ્ઠીમંડલવિધાનપૂજાના ઇન્દ્રોની ઉછામણી તા. ૨૩-૧-૯૦ના રોજ રાખવામાં આવી છે.

—નિમંત્રક

શ્રી હૈદ્રાબાદ દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

# * હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું *

હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું–એમ જાણીને બીજા વિકલ્પો ન કરો, પંચ મહાવ્રતના વિકલ્પો, શાસ્ત્ર ભણતરના વિકલ્પો, નવ તત્ત્વોના ભેદના વિકલ્પો—એ બધું હવે ન કર, ન કર; કરવાનું તો આ કહ્યું તે છે; છોડવા જેવું છે તે છોડ ને આદરવા જેવું છે ત્યાં ઠર. પરમ સ્વરૂપનો પિંડ આત્મા છે એ જ હું એમ એનો આશ્રય કર ને વિકલ્પ છોડી દે.

—પરમ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/– પ્રત : ૩૨૦૦

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH–364 250 ( INDIA )**

**Licence No. 21 ‘ Licensed to post without prepayment ’**

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012